EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

## ઓન્ટેરીઓ નોકરી ઉદ્દગમ-સ્થાન (ઓન્ટેરીઓ જોબ બેંક)

ઓન્ટેરીઓ જોબ બેંક એક વેબ-આધારીત નેટવર્ક છે જ્યાં નોકરીઓની માહિતી જાહેરાત કરવામાં આવે છે અને જે બધા કનેડિઅન્સને ઉપલબ્ધ છે. નોકરી શોધનારાઓને આ સાઇટ ઉપર ફક્ત ઓન્ટારીઓની નહિ, પણ પૂર્ણ કેનેડાની નોકરીઓની માહિતી મળે છે.

**કઇ સેવાઓ ઉપલબ્ધ છે?**

ઓન્ટેરીઓ જોબ બેંકમાં નોકરીઓની જાહેરાતી સુધી પહોંચવા માટે :

- www.jobbabk.gc.ca પર ક્લીક કરો
- **અંગ્રેજી** અથવા **ફ્રેન્ચ** પસંદ કરો
- પ્રાસ્તાવિક પાના ઉપર Job Search પર ક્લીક કરો
- **ઓન્ટેરીઓ** (અથવા બીજો પ્રાન્ત) ચૂંટી કાઢો
- ખાસ શબ્દ, નોકરીનો શીર્ષક, નોકરીનો નંબર, ઓન્ટેરીઓમાં જગ્યા, અથવા પોસ્ટીંગની તારીખ અનુસાર પોતાની શોધને ઉત્તમ બનાવો, અથવા નોકરીઓની નવી પોસ્ટીંગ જુઓ.

નોકરી શોધનાર, ઓન્ટેરીઓ જોબ બેંકની વેબ-સાઇટના પ્રાસ્તાવિક પાનાઓ મારફત વિશિષ્ટ સેવાઓ સુધી પહોંચી શકે. આ વિશિષ્ટતાઓમાં નિમ્ન શામેલ છે :

- **જોબ મેચ**, જે નોકરી શોધનારાઓને પોતાના જોબ પ્રોફાઇલ નિર્માણ કરવાની પરવાનગી આપે છે અને સંભવનીય નોકરી આપનારાઓ પાસે મોકલવાની પરવાનગી પણ આપે છે અને તેમના કૌશલ્ય અનુરૂપ નોકરીઓની લિસ્ટ પણ આપે છે.
- **જોબ એલર્ટ**, જે નોકરી શોધનારાઓને તેમની અંગત શોધ અનુરૂપ નોકરીઓની લિસ્ટ, ઇ-મેલ મારફત મેળવવાની પરવાનગી આપે છે.
- **કરિઅર નેવીગેટર**, જે એક સંચાલનનો સાધન છે જેનાથી લોકોને કારકિર્દીના ફેસલાઓ લેવામાં મદદ મળે છે.
- **રેસ્યૂમે બિલ્ડર**, જે અંગત રેસ્યૂમે બનાવવામાં મદદ આપે છે અથવા ફેડરલ સરકારની નોકરીઓ માટે ઓન-લાઇન અરજી આપવા દે છે.

**આ સેવાઓમાં કોણ ભાગ લઇ શકે?**

ઓન્ટેરીઓ જોબ બેંકની બધી વિશિષ્ટતાઓ બધા લોકોને ઉપલબ્ધ છે.

જો તમે કનેડીયન નાગરિક અથવા સ્થાયી નિવાસી નથી, તો તમને કેનેડામાં કામ કરતાં પહેલાં, સત્તાધિકારીથી પરવાનગી લેવાની જરૂરત પડી શકે. વધુ માહિતી માટે કનેડીયન સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન ઓફિસ સાથે સંપર્ક સાધો અથવા તેમની વેબ-સાઇટ http://www.cic.gc.ca જુઓ.

**હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?**

ઓન્ટેરીઓ જોબ બેંકની વધુ માહિતી તેમની વેબ-સાઇટ www.jobbank.gc.ca પર ઉપલબ્ધ છે.